# Best wishes to all my student friends

by Narendra Modi 4. March 2010 01:00

મિત્રો,

માર્ચ આવ્યો અને આ પરીક્ષાઓની મોસમ છે. બૉર્ડની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે; અને તે તમામ વિદ્યાર્થીઓ અને તેમના મા-બાપ માટે મહત્વનો દિવસ છે.

મારા સાથી મિત્રો, દેશનું ભવિષ્ય, જેઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પરીક્ષામાં બેસવા જઈ રહ્યા છે, હું તેમને તેમના પ્રયત્નમાં ભવ્ય સફળતાની શુભેચ્છા આપું છું.

દરેક સિદ્ધિનાં મૂળ સખત મહેનત, દૃઢનિશ્ચય અને સમર્પણમાં રહેલ હોય છે. શ્રેષ્ઠ જ્ઞાનની કસોટી જીવનની સફર દરમ્યાન થાય છે. તે અર્થમાં આપણે બધા જ જીવનના વિદ્યાર્થીઓ છીએ.

અહીં, હું સ્વામિ વિવેકાનંદનું વાક્ય ટાંકવાનું પસંદ કરીશ – ‘ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તી સુધી મંડયા રહો’.

કહેવાય છે કે પરીક્ષાઓ જીવનનો ભાગ અને પોટલું છે. તમારી બધી જ ચિંતાઓ પાછળ છોડી દો અને જ્ઞાન માટે કામ કરો. પરિણામ આપમેળે જ અનુસરશે.

અંતમાં, હું તમારી સાથે મારી સફળતાનો નુસખો વહેંચવાનું પસંદ કરીશ –

"ઈચ્છા + સ્થિરતા = નિશ્ચય. નિશ્ચય + પરિશ્રમ = સફળતા".

મને ખાતરી છે કે તમારામાંથી દરેક આપણા દેશના ઉજ્જવળ ભવિષ્યમાં યોગદાન આપવા માટે સમર્થ છો. મારા તમામ વિદ્યાર્થી મિત્રોને શુભેચ્છા.

તમારો,

Copyright © 2009 NarendraModi.com